## સ્ત્રી-પુરુષ સંગ

૨/૬૩ ૦.૨૦.૨૦ **અમી ઠાકોર**

**અ.૨૩**

કામ ન છોડે કોઈને, દુ:સહ મન્મથબાણ;
પછડાયા દેવો જિહાં, કોણ મનુષ્ય પ્રમાણ? ૨૯.

માટે કામ ન નિંદવો;, કરી તત્સ્તુતિ જાણ,
કૃપા પ્રાપ્ત કરી એહની, રહેવું સાવધ માન. ૩૦.

અરે પુણ્યબળ સર્વનું, હરી કામ તું આમ,
પ્રાણિમાત્રને વશ કરે, તને સહસ્ત્ર પ્રણામ! ૩૮.

પૂર્ણ-અંગ પૂર્વે હતો, છળ્યો ભવભંગ શિવ;
શાપી ભસ્મ કર્યો તને, તોએ ઠર્યો ન જીવ! ૩૯.

કરી પ્રાર્થના દેવની!, ભોળાનાથે તેમ
ઊઠાડ્યો તુજને ફરી, અનંગ રૂપે એમ. ૪૦.

કીધો અનંગ[1], તોય તેં, છોડ્યાં કર્મ ન હાય!
કરી ન મુજ પર કાં દયા?, ધિક્! જીવન-ધિક્ કાય!! ૪૧.

**અ.૧૩**

મનવાણી જાણે સુખ, આત્યંતિક જેહ,
આત્મવસ્થિતિ પ્રાપ્ય જે, નિત્ય નિરતિશય એહ. ૭૩

મનુષ્યની તો વાત શું?, સુખ બ્રહ્માનું જેહ,
તેથી પણ શતગુણ કહ્યું, આત્મસૌખ્ય જે તેહ. ૭૪.

કામશાસ્ત્રવિધિજ્ઞ જે, જાણે તે સંપૂર્ણ
શાખાચંદ્રન્યાયથી, રત્યારૂઢ સુતૂર્ણ. ૭૫.

પામર ના જાણે કદિ, કરે વિષયસંભોગ;
સોપાધિકસુખમગ્ન એ;, ક્યાં જીવેશ્વરયોગ? ૭૬.

નિત્ય નિરતિશય સૌખ્યને, જાણે વિધિજ્ઞ એમ;
સ્પર્ધાસૂયાહીન એ રમે, જાણીને તેમ. ૭૭.

મૈથુનાન્તે જે રહે, સુપ્ત્યન્તે ક્ષણ જેહ;
પૂર્ણાનંદાવસ્થિતિ, સદા અનુભવે એહ. ૭૮.

અખંડ આત્માધ્યાસથી, તેને કરતલ જાણ,
જીવન્મુક્તિ જ્ઞાનીને, પામે મૂઢ ન માન. ૭૯.

પામર આ જાણે નહીં, રહે વિષય નિમગ્ન;
આત્મપરાઙ્ગમુખ સર્વદા, થાય રોગથી ભગ્ન. ૮૦.

**અ.૩૯**

થાએ પ્રવૃત્ત મૈથુને, સર્વ લોક તું જાણ;
વૃથા વેડફે વીર્યને, સંતતિ વિણ નાદાન. ૫.

જાણે ગર્ભરહસ્ય ના, લહે ન તત્ત્વ વિચાર;
થાએ રોગી વ્યંગ[2] વા, તત્સંતતિ નિર્ધાર. ૬.

સુપુત્ર થાવા કારણે, ત્યજે અન્ય સાધન;
સ્વરજ્ઞાનીના સેવને, પામે ફળ તત્ક્ષણ. ૭.

વહે પુરુષને સૂર્ય જ્યાં, ચંદ્ર સ્ત્રીને જાણ,
પુત્રગર્ભ રહે નકી;, મા શંકા કર આન. ૮.

દીર્ઘાયુષી ગુણી અને, સુખી થાય સુત એમ;
વિપરીતે કન્યા નકી, સુલક્ષણા એ તેમ. ૯.

વહે સુષુમ્ણા પુરુષની, સ્ત્રીની સૂર્ય પ્રમાણ,
સ્રવે ગર્ભ તો નિશ્ચયે, થાય વિસ્તાર ન માન. ૧૦.

**અ.૧૧**

સ્ત્રીસંસર્ગે પતન છે, સ્ત્રીસંભોગે દુ:ખ;
દૈવે તેમાં હું પડ્યો, મરૂં લાગતા ફૂંક! ૪૬.

સર્વ દોષોમાં કહ્યો, પરસ્ત્રી દોષ મહાન;
નિમેષમાત્રે દૈત્યનો, થાશે કચ્ચરઘાણ. ૬૮.

**અ.૫૧**

વદે સ્વગતઃ- જેને નહીં, આત્માનાત્મવિવેક;
રહે વિષયમાં મગ્ન એ, માની કૃતાર્થ છેક. ૨૯.

રડે આખરે દુ:ખથી, થાતાં પરવશ એમ;
અંત ન તૃષ્ણાનો કદિ, આવે કલ્પે તેમ. ૩૦.

પ્રિયે દેવયાની સુધી!, સાંભળ સાવધ તેમ;
વિષયભોગથી ના કદિ, થાએ તૃપ્ત મન એમ. ૩૨.

જેમ જેમ વિષયે રમે, વધે વાસના જાણ;
જ્ઞાની ને પણ નરકમાં, પાડે આખર માન. ૩૩.



૧. અંગહીન; કામદેવ ૨. અંગહીન - અંધ, પંગુ વગેરે

પ્રબળ ઈન્દ્રિયો આ નકી, ખેંચે મોહે એમ;
માટે **પુત્રી બહેન વા, અન્ય સ્ત્રી સહ તેમ.** ૩૪.

**એકાંતે એકાસને, ન બેસવું કદિ જાણ;**
ભલે વૃદ્ધ કે તરુણ એ, રહેવું સાવધ માન. ૩૫.

અગ્નિમાં ઘી હોમતાં, થાએ ભડકો જેમ,
વિષયભોગથી વાસના, વધે ના ઘટે તેમ. ૩૬.

ભોગે તૃપ્તિ ના કદિ;, માટે નિશ્ચય જાણ,
વિષયદોષ વિચારીને, થાવું વિરક્ત માન. ૩૭.

**અ.૫૮**

અરે કામ બલવાન તું, માયાનું જ સ્વરૂપ;
માટે સાયક[1] મુખ્ય તું, એનું (માયાનું) જાણ અરૂપ! ૨૧.

વીંધી પ્રાણીમાત્રને, કરે સ્વવશ તું એમ;
રાગદ્વેષે વિશ્વને, તુંજ નચાવે તેમ. ૨૨.

કામ વાસનારૂપ તું, વધતાં ચિત્તે જાણ,
સૂઝે ના બીજું કશું, પ્રાણીમાત્રને માન. ૨૩.

પ્રથમ વાસના ભૂમિની, પ્રગટે ચિત્તે તેમ
વધે દ્રવ્યતૃષ્ણા પછી, કરે સુવિહ્વળ એમ. ૨૪.

વધે પછી સ્ત્રીવાસના, ભોગલાલસા જાણ;
જેથી જગમાં થાય આ, અનર્થ નાના માન. ૨૫.

**થાય કૃપા ગુરુદેવની, બચે તોજ નર તેમ;**
પૃથવ્યાદિકની વાસના, પ્રથમ નષ્ટ થઈ એમ. ૨૮.

ધનતૃષ્ણા નાસે પછી;, આખર તે જ પ્રમાણ
નષ્ટ થાય સ્ત્રીકામના, થાય ભક્ત નિર્માન. ૨૭.

થતાં નષ્ટ ત્રણે તથા, ધન્ય મુમુક્ષુ તેહ;
નાચે બ્રહ્મપદે અહા, કેવળ નિરિચ્છ જેહ! ૨૮.

વાસનાક્ષય જ્યાં સુધી, થયો ન મૂળે જાણ,
દૂર બ્રહ્મપદ ત્યાં સુધી, નિશ્ચય મનમાં માન. ૨૯.

જતાં વાસના મૂળથી, થાય બ્રહ્મવિદ્ તેહ;
સમદર્શી લોકત્રયે, એકાદ્વિતીય એહ. ૩૦.

સર્વ વાસનામાં નકી, સ્ત્રીતૃષ્ણા બળવાન;
પાડે અધવચ ધ્યેયથી, મુમુક્ષુને તું જાણ. ૩૧.

કામદેવતા પુરુષની, માટે નારી તેમ;
જાણ સ્ત્રી તણી પુરુષ તું, કામદેવતા એમ. ૩૨.

માટે સ્વાભાવિક રહે, પ્રેમ પરસ્પર જાણ;
જોઈ એકબીજા તણું, પીગળે અંતર માન. ૩૩.

જાણી કામસ્વરૂપ એ, વર્તે સાધક તેમ;
રાખી જાગ્રત સર્વદા, વિવેક ચિત્તે એમ. ૩૪.

આત્માનાત્મવિચારથી, યોગાભ્યાસે જાણ;
જેણે કામાદિક કર્યાં, સાધ્ય સર્વથા માન; ૩૫.

તેની આગળ કોઈનું, ના ચાલે જો એમ!
ભીડો હિંમત હોય તો, પુનઃ મળી સહુ તેમ!! ૩૬.

પાર સર્વથી સર્વમાં, વ્યાપ્યો સઘળે જેહ;
સ્થાવરજંગમમાં બધે, એક પરાત્મા તેહ. ૩૯.

જગન્નાટકી એ વિભુ, અંતર્યામી એક;
સ્વલીલાથી સર્વને, આમ નચાવે છેક. ૪૦.

સ્વાત્મરૂપ ભગવાનને, જોયો જેણે એમ;
સમદર્શી એ સર્વથા, સ્વાત્મનિષ્ઠ નર તેમ. ૪૧.

રાગદ્વેષ ન એહને, એ જ સર્વ નિર્ધાર;
દેખે સ્વાત્મામાં બધું, સ્વાત્મા સર્વમાં સાર. ૪૨.

અપકારી પર પણ કરે, જે ઉપકાર સદાય,
તે જ સાધુલક્ષણ નકી;, શત્રુમિત્ર ના ત્યાંય. ૬૬.

**અ.૬૨**

તરણાનો ડુંગર કરે, કરે પ્હાડ તૃણપાયઃ
મનુષ્યયત્ન ચાલે નહીં;, ધાર્યું હરિનું થાય! ૫૮.

નારી ડૂબે કામથી, નીચસેવથી વિપ્ર;
રાજા બ્રહ્મદંડે યતિ, ભોગસંગ્રહે ક્ષિપ્ર. ૧૮૨.

જારકર્મ છાનું કરે;, કેમ રહે એ ગુપ્ત?
ધરતી પાતક ઓચરે, કરો પ્રગટ કે ગુપ્ત! ૧૭૪.

ચપલ નેન છીપે નહીં, કરો કરોડો યત્ન;
પાપ આપ બોલી ઊઠે, મિથ્યા થાય પ્રયત્ન! ૧૭૫.

કર્મ ન છોડે કોઈને, હોય રાય કે રંક;
ઓચિંતું આવી ગ્રહે, વત્સ ધેનુ નિઃશંક. ૨૦૫.

૧. બાણ

'નાદત્તં ઉપતિષ્ઠતે', અટલ કાયદો કર્મ;
કીધું ભોગવવું રહ્યું!, ક્યાંથી પામે શર્મ? ૨૨૩.

અ.૮૨

વ્રતે દિવા[1] પર્વે તથા, કરે જેહ સ્ત્રીસંગ,
થાએ અંત્યજ તે નકી, કરે ન શ્રાદ્ધ કુસંગ. ૨૭.

આલિંગે પરનાર જે, થાય શત જન્મ શ્વાન;
સર્પજન્મ પામી પછી, પામે દુઃખ મહાન. ૬૫.

દેખે કુદષ્ટિએ કુધી, પરસ્ત્રીયોનિ જેહ
થાય અંધ તે નિશ્ચયે, એમાં ના સંદેહ. ૬૬.

બંધુસ્ત્રી સાથે રમે, થાએ ગર્દભ તેમ;
સર્પ થઈ જન્મે ફરી, જારકર્મકૃત એમ. ૬૭.

મિત્રસ્ત્રીભુક્ નિશ્ચયે, થાય શ્વાન તું જાણ;
માતુલ સ્ત્રી સાથે રમે, થાય અશ્વ તે માન. ૬૮.

દુર્બુદ્ધિથી જે જુએ, પરનારી નું મુખ,
થાય નેત્રરોગી અહા, પામે અપાર દુઃખ. ૬૯.

વિપ્રસ્ત્રીથી જે રમે, શુદ્ર તેજ પ્રમાણ,
મહાપાપી બંને નકી, થાએ કીટક માન. ૭૦.

રમે શૂદ્રથી જે સદા, થાય દુર્ભગા તેહ
જારકર્મથી કૂતરી;, એમાં ના સંદેહ. ૭૧.

**પતિપત્નીમાં એક જણ, કરે પાપ જો તેમ,**
**લેપાએ બંને જણ, કરે પ્રાયશ્ચિત એમ.** ૮૨.

સામાન્યાઘ નસાડવા, મુનિઓ અન્ય પ્રકાર
વદે જાપ ગાયત્રીનો, અયુત[2] એક નિર્ધાર. ૮૩.

અજ્ઞાને અઘ[3] જે કર્યું, પશ્ચાતાપે તેહ
થાય નષ્ટ; ગુરુ વા હરે, ગુરુસેવાથી એહ. ૮૦.

અથવા ભરી સભા મહીં, પશ્ચાતાપે તેમ,
ઉચ્ચારે નિજ પાપ જો, થાય પાપલય એમ. ૯૯.

પ્રાયશ્ચિત કરે તથા, સભોક્ત[4] એ નિર્માન,
થાય મુક્ત તેથી નકી, પાપી અઘથી જાણ. ૧૦૦.

તીર્થયાત્રા વા કરે, થાય પાપક્ષય તેમ;
કાશીસ્નાને માસમાં, સમે પાપ સહુ એમ. ૧૦૧.

હજાર જપ ગાયત્રીનો, અન્ય તીર્થમાં જાણ
કર્યે, પાપ ટળે સહુ, અગત્સ્યવચન પ્રમાણ. ૧૦૨.

ત્રિપદાગાયત્રીજપે, સર્વપાપવિનાશ;
અઘમર્ષણસૂક્તે શમે, સપ્તજન્મ અઘ ખાસ. ૧૧૩.

નારાયણોપનિષદનો, કરે પાઠ સશ્રદ્ધ,
શમે પંચમહાપાપને, થાય પાપી વિશુદ્ધ. ૧૧૨.

ભક્તિપૂર્વક વા પઢે, વિષ્ણુસૂક્ત વિખ્યાત,
સાત જન્મનાં પાપ પણ, શમે સુનિશ્ચિત તાત. ૧૧૪.

સૂણી વચન મુજ ગુરુ તણા, જા પતિત એમ;
સ્ત્રીપુત્ર ક્ષોભાવીને, થશે ગતિ તુજ કેમ? ૧૫૫

જન્મી આ સંસારમાં, કરી ઈન્દ્રિય સંતુષ્ટ,
થઈ ધર્મમય તે પછી, તરે ભવાર્ણવ હૃષ્ટ. ૧૫૬.

અથવા પહેલેથી જ ના, કરવું લગ્ન સુજાણ;
પરણી સ્ત્રીને ત્યાગતાં, લાગે દોષ મહાન. ૧૫૭.

સૂર્યાદિક સાક્ષીથી, તું પરણ્યો આને એમ,
માટે એને ત્યાગતાં, દોષ, ના ગતિ એમ. ૧૫૮.

★★★★★

### સ્ત્રી-પુરુષ સંગ

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે :

ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોડસ્મિ ભરતર્ષભ ॥ ૭/૧૧

હું સહુ જીવોમાં ધર્મને અનુકૂળ એટલે કે શાસ્ત્રને અનુકૂળ કામ છું.

આવો 'કામ' શબ્દ ગૃહસ્થધર્મના પાલનનો વાચક છે. સાત્ત્વિક ઉત્થાનનો વાચક છે. શાસ્ત્ર અને લોક-મર્યાદા અનુસાર શુભભાવે કેવળ સંતાનોત્પત્તિ માટે જે કામ હોય છે તે ધર્મયુક્તિ 'કામ' મારું સ્વરૂપ છે એમ ભગવાન કહે છે. તે કામ મનુષ્યને આધીન હોય છે. પરંતુ આસક્તિ, કામના સુખભોગ માટે જે કામ હોય છે તે કામમાં મનુષ્ય પરાધીન બની જાય છે. આ શાસ્ત્રવિરુધ્ધ કામ પતનનું અને સઘળા પાપો તથા દુઃખોનું કારણ હોય છે.

ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ। (ગીતા અ ૧૬/૨૧)

કામ, ક્રોધ અને લોભ આ ત્રણ જાતનાં નરકના દ્વાર આત્માનો નાશ કરનાર છે. અધોગતિએ લઈ જનારાં છે.

કામથી દાસત્વ સહન થતું નથી. કામ દુર્જેય છે. કારણ કે તે જળ વિના ડૂબાવે છે, અગ્નિ વિના બાળે છે, શસ્ત્ર વિના પ્રહાર કરે છે, પાશ વિના બાંધે છે, દેહ-ઈન્દ્રિયોમાં ઓતપ્રોત થઈને રહે છે. શોધ કરવા છતાં જડતો નથી.

તુલસીદાસજીએ પણ કહ્યું છે : 'તુલસી કો જગ કામ નચાવ ન જેહી'

જગતમાં કામે કોને નચાવ્યા નથી ? માટે જ રેણુકા માતાના આખ્યાનમાં પૂ. શ્રી દોહરો ટાંક્યો છે : માટે કામ ન નંદવો, કરી તત્સુતિ જાણ, કૃપા પ્રાપ્ત કરી એહની, રહેવું સાવધ માન.

પોલીસ અને દુર્જનો માટેની એ ઉક્તિ કામ માટે પણ એટલી લાગુ પડે છે કે :

ન ઉસકી દોસ્તી અચ્છી, ન ઉસકી દુશ્મની અચ્છી.

પૂ. શ્રી જેવા નૈષ્ઠિક બ્રહ્મચારીએ તો વિષય સૌખ્ય માટે લખ્યું છે : જાવા દો એ વાતને, વછૂટે કમકમાટ, સ્મરણમાત્રથી એહના ! માટે ત્યજી કુજાત. (અ. ૫૪/૪૧)

૧. દિવસે ૨. દશહજાર ૩. પાપ ૪. સભાએ કહેલું.